## જન્મદિને વધામણી



અંજનાબેન
મહેશકુમાર રાવલ
મો. ૯૪૨૬૬ ૩૩૦૬૭



ડૉ. ભાવિન ભટ્ટ
સ્કીન સ્પેશ્યાલીસ્ટ-સે.૧૬



સૌમ્ય
ચિરાગભાઈ રાઠોડ
મો. ૯૯૨૪૧ ૮૬૩૬૧



સુજાન ભરતભાઈ પરમાર
મો. ૯૯૨૪૧ ૮૬૩૬૧



વિવાન જીગર પટેલ
મો. ૯૯૨૪૧ ૧૩૪૫૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.


- સંપાદક

# ગીરમાં સિંહનો મૃત્યુ આંક ૨૧ પર પહોંચ્યા

## સારવાર દરમિયાન ૧૪ સિંહના મોત થયા અને સાતના મૃતદેહ મળ્યા બાદ મૃતાંક ૨૧ : હાલમાં ૯ સિંહ સારવાર હેઠળ : ગુજરાત સરકાર પણ હચમચી

અમદાવાદ, તા.૧

જૂનાગઢના ગીર પંથકમાં દલખાણિયા અને જસાધાર રેન્જમાં વધુ પાંચ સિંહના મૃતદેહ મળી આવતા મોતનો આંકડો વધીને ૨૧ ઉપર પહોંચી ગયો છે. બીજી બાજુ હજુ પણ હાલત કફોડી બનેલી છે. સિંહોના મોતનો આંકડો ઝડપથી વધતાં અમેરિકાથી પણ વિશેષ પ્રકારની દવાઓ મંગાવવામાં આવી રહી છે. દેશભરમાંથી નિષ્ણાતોની ટુકડીઓ પણ પહોંચી રહી છે. હાલમાં મોટી સંખ્યામાં સિંહ સારવાર હેઠળ છે. બીજી બાજુ સારવાર દરમિયાન ૧૪ સિંહના મોત થયા છે. સાતના મૃતદેહ હાથ લાગ્યા છે. અહેવાલમાં જણાવામાં આવ્યું છે કે, હાલમાં નવ સિંહની તબિયત ખરાબ હોવાનું જાણવા મળી રહ્યું છે. ૧૧થી ૧૯મી સપ્ટેમ્બરના ગાળા દરમિયાન ૧૧ સિંહના મોત થયા છે જ્યારે ૨૦થી ૩૦મી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં વધુ ૧૦ સિંહના મોત થયા છે. બિમારીના કારણે સિંહની તબિયત ખરાબ હોવાનું પણ પ્રાથમિકરીતે બહાર આવી રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૨૧ સિંહોના મોત થયો હોવાનો આખરે રાજયના વનવિભાગ દ્વારો એકરાર કરવામાં આવ્યો છે અને આ સત્તાવાર મૃત્યુઆંક આજે જાહેર કરાયો હતો. ગીરમાં ૨૧ સિંહોના મોતનો સાચો મૃત્યુઆંક બહાર આવતાં ચોતરફ ખળભળાટ મચી ગયો છે. પ્રકૃતિપ્રેમીઓ અને વન્ય પ્રેમીઓમાં તો જબરદસ્ત આક્રોશ ફેલાયો છે કે, ગીર પંથકમાં સિંહોના મોતને લઈ સમગ્ર પરિસ્થિતિ ગંભીર અને સંવેદનશીલ હતી, પરંતુ તેમછતાં સરકાર અને વનવિભાગ દ્વારા બહુ હીનપ્રકારે ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ થયો છે પરંતુ આ સમગ્ર મામલામાં જે કોઈ જવાબદાર હોય



તે તમામ સામે હવે કાયદાકીય રાહે પગલાં લેવાવા જોઈએ.

બીજીબાજુ, ગુજરાતના રાજકારણના પીઢ નેતા શંકરસિંહ વાઘેલાએ હવે સમગ્ર મામલે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને જણાવ્યું હતું કે, સિંહોના મોત મામલામાં રાજય સરકારની સીધી અને ગંભીર બેદરકારી અને ઉદાસીનતા સ્પષ્ટ થઈ ગઈ છે. દરમ્યાન ગીર પંથકમાં હવે ૨૧ સિંહોના મોત બાદ હવે સફાળા જાગેલા વનવિભાગ દ્વારા દેશભરમાંથી ઝુના નિષ્ણાતો અને તજજ્ઞ વન્ય પ્રાણી ચિકિત્સકોને ગીર બોલાવવાનું નક્કી કર્યું છે. વનવિભાગ દ્વારા જાહેર કરાયેલ સત્તાવાર આંક મુજબ, તા.૧૨ સપ્ટેમ્બરથી તા.૧૯ સપ્ટેમ્બર દરમ્યાન ૧૧ સિંહોના મોત નોંધાયા હતા, જયારે તા.૨૦ સપ્ટેમ્બરથી તા.૩૦ સપ્ટેમ્બર દરમ્યાન ૧૦ સિંહોના મોત નોંધાયા હતા. આમ, અત્યારસુધીમાં કુલ ૨૧ સિંહોના મોત નીપજયા હોવાની વાત સ્પષ્ટ થઈ ગઈ છે. એકસાથે આટલા ટૂંકા સમયમાં ૨૧ સિંહોના મોતને લઈ હવે માત્ર ગુજરાત જ નહી, દેશભરમાં ખળભળાટ મચી ગયો છે, કારણ કે, એશિયાટીક લાયનને લઈ ગુજરાતની આગવી ઓળખ વિશ્વભરમાં બની રહી છે ત્યારે તેનું જ અસ્તિત્વ મટી રહ્યું હોઈ વન્ય અને પ્રકૃતિ પ્રેમીઓ આઘાતમાં ગરકાવ બન્યા છે. તો, સિંહોના મોત મામલે હવે પરિસ્થિતિ ગંભીર અને બેકાબૂ બનતાં વન વિભાગ અને રાજય સરકાર દ્વારા દેશભરમાંથી ઝુના નિષ્ણાતો અને તજજ્ઞ વન્યપ્રાણી ડોકટરોને બોલાવવાનું નક્કી કરાયું છે. તો, સાથે સાથે હવે અમેરિકાથી સિંહો માટે ખાસ વેકસીન-રસી મંગાવવામાં આવનાર છે. કેટલાક સિંહોના શરીરમાં વાયરસનું પ્રમાણ પણ જોવા મળ્યું હોઈ વનવિભાગ તે મામલે પણ દોડતું થયું છે. તા.૨૪ સપ્ટેમ્બરથી અત્યારસુધીમાં ૫૫૦થી વધુ કર્મચારીઓએ ૬૦૦ સિંહોનું નીરીક્ષણ અને તપાસ(ચેકીંગ) હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ૯ સિંહો બિમાર જણાયા છે, પાંચને રેસ્કયુ કરી સારવાર માટે ખસેડાયા છે અને ચાર સિંહોને સ્થળ પર જ સારવાર આપી મુકત કરાયા છે.

# તલોદમાં પિડીતા મામલે ક્ષત્રિય સેના દ્વારા સજ્જડ બંધ

તલોદ, તા. ૧

સમાજમાં કોઈપણ સમાજની દિકરી હોય એ આપણી જ દિકરી છે. વિચાર કરો ૧૪ મહિનાની બાળકી એટલે શુ થયુ આવા લોકોને જીવતા સળગાવી દેવા જોઈએ. સાબરકાંઠામાં ઠાકોર સમાજની દીકરી ઉપર નિર્દય અમાનવીય દુષ્કર્મ થયુ તે શરમજનક છે. આવુ હલકા કામ કરનારને ફાંસીએ લટકાવી દેવા જોઈએ. સરકાર કે પોલીસ ન્યાય ન કરી શકતી હોય તો એ પાપીને સમાજમાં ખૂલ્લો મુકી દો, પબ્લીકમાં ખુલ્લો મૂકીને આવા નાલાયકોને જીવતા મારી નાખવા જોઈએ.

ક્ષત્રિય સેના દ્વારા સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ ખાતે તાજેતરમાં બિહારી ભેંવાજી દ્વારા ૧૪ મહિનાની બાળકી ઉપર બળાત્કાર ગુજારનાર આરોપીને ફાંસીની ઉગ્ર માંગ કરી બિહારીઓને ગુજરાત બહાર કાઢી મુકવાની રોષ વ્યક્ત



કરતા ક્ષત્રિયો દ્વારા તમામ મોબાઈલો ઉપર પોત-પોતાના આક્રોશ વ્યક્ત કર્યા હતા.

તલોદના નાના-મોટા વેપારી, માર્કેટયાર્ડ, શાળા કોલેજો અને ફેક્ટરીઓ, ઈન્ડસ્ટ્રીઝોમાં ક્ષત્રિય સેવા દ્વારા રેલીનું આયોજન કરી સંપૂર્ણ બજારો બંધ પળાયા હતા. જ્યારે માર્કેટયાર્ડનો ગેટ પણ તોડી નાખી આ સેના દ્વારા આક્રોશ વ્યક્ત કરાયો હતો. જિલ્લામાં સંપૂર્ણ બંધ પળાયો હતો.

## રવિવારે રાજેશ વ્યાસ 'મિસ્કીન'નો 'મનનો જમણવાર' યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના વિચારમંચ પરિવાર દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી ભાષના સુપ્રસિદ્ધ કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન'ના 'મનના જમણવાર' કાર્યક્રમ અંતર્ગત તેમની ગઝલયાત્રા પ્રસ્તુત કરશે. આ કાર્યક્રમ તા. ૭મી ઓક્ટોબર રવિવારે ગાંધીનગરના સેક્ટર-૧૭ ખાતેની સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ઓડિટોરિયમ ખાતે સાંજે ૪.૩૦ કલાકે યોજાશે.

ગઝલયાત્રા બાદ રાજેશ વ્યાસ 'મિસ્કીન' ૩૦ મિનિટ સુધી શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તર આપશે. ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા પણ રાજેશ વ્યાસ 'મિસ્કીન'ના 'મનના જમણવાર' કાર્યક્રમ માટે સાહિત્ય સભાના સભ્યો, શહેરના સાહિત્ય ભાવકોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યું છે.



હિંમતનગરના ઢુંઢર ગામમાં ૨૯ તારીખે ૧૪ મહિનાની માસુમ છોકરી પર અમાનવીય અને નિર્દય દુષ્કર્મ કરનાર આરોપીને સખતને સખત કે ફાંસીની સજા થાય તે માટે ગાંધીનગર NSUI દ્વારા આજે કલેકટરશ્રીને આવેદનપત્ર આપવામા આવ્યુ અને જો માંગણી સ્વીકારવામાં નહી આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવસે તેણી સંપુર્ણ જવાબદારી સરકારશ્રીની રહેશે. આ કાર્યક્રમમાં ઉત્તર વિધાનસભા પ્રમુખ અજયસિંહ વાઘેલા, જીલ્લા મહામંત્રી કુલદીપસિંહ બિહોલા, વિજયસિંહ વાઘેલા, ઉત્કર્ષ સોલંકી, રાહુલ પટેલ, વિજય આહીર અને ૫૦ જેવા કાર્યકર્તા હાજર રહ્યાં હતા.






શ્રી વિવેકાનંદ વિચાર મંચના ઉપક્રમે ઊંઝા ખાતે કેવલેશ્વર મહાદેવની જગ્યામાં ઊંઝા વિધાનસભા મત વિસ્તારનું મહા સંમેલન યોજાયું હતું. વિવેકાનંદજીના આદર્શ, સિદ્ધાંતો, દેશપ્રેમની ભવ્યતા થકી સૌ સાથે મળીને ગામ, સમાજ અને રાષ્ટ્રના હિત માટે સહિયારા પ્રયાસો કરે તે હેતુથી યોજાયેલ આ મહાસંમેલનમાં ઊંઝા વિધાનસભા મતક્ષેત્રમાંથી મોટી સંખ્યામાં વિચારમંચના કાર્યકરો, ભાજપના આગેવાનો, કાર્યકરો, નાગરિકો, ભાઈ બહેનો યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ મહાસંમેલનમાં શ્રી વિવેકાનંદ વિચાર મંચના અધ્યક્ષ કેશુભાઈ પટેલ (સુંઢિયા), ઉપપ્રમુખ બાબુભાઈ પટેલ, મહામંત્રી શિવમભાઈ રાવલ, વસંતભાઈ ચોકસી, ડૉ. નાગજીભાઈ દેસાઈ, ઉદાજી ઠાકોર, ભગવાનભાઈ પટેલ, વસ્તારામ પટેલ, ખોડાભાઈ પટેલ વગેરેએ ઊંઝા મત વિસ્તારના પ્રશ્નો, ખેડૂતોની સમસ્યાઓ વિશે સરકારમાં અસરકારક રજૂઆત કરવાની ખાતરી આપી પરિવારવાદ, ભ્રષ્ટાચારને નાબૂદ કરવાની હાંકલ કરી હતી.

# ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કોલેજ દ્વારા નેશનલ લેવલના બે દિવસીય ફાર્મા-સેમિનારનું સફળ આયોજન

ગણપત વિદ્યાનગર, તા. ૧

ગણપત યુનિવર્સિટીની એક અંગભૂત કોલેજ એવી શ્રી એસ.કે. પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગણપત વિદ્યાનગર અને ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે ગઈ તા. ૨૮ અને ૨૯, સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમિયાન ગણપત યુનિવર્સિટી ખાતે બે દિવસનો નેશનલ લેવલનો એક સેમિનાર યોજાયો હતો. 'રોલ ઓફ 'ક્યુબીડી' અને 'ડીસોઈ' ઈન ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ ડેવલપમેન્ટ' નામના કેન્દ્રવર્તી વિષય સાથે યોજાયેલા આ સેમિનારમાં ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓ, સંશોધકો, પ્રાધ્યાપકો અને ઈન્ડસ્ટ્રી પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જેમાં મહેસાણાની સાર્વજનિક ફાર્મસી કોલેજ, ચારૂસેટ યુનિવર્સિટી, ચાંગાની ફાર્મસી કોલેજ, હિંમતનગર, ચિલોડા, વિસનગર સહિત અનેક ફાર્મસી કોલેજો તેમજ 'ઓક્સિજન હેલ્થકેર' જેવી ફાર્મા ઈન્ડસ્ટ્રી-સંસ્થાઓનો સમાવેશ થાય છે.

સેમિનારના પ્રથમ દિવસે-૨૮મી તારીખના રોજ સવારે ૧૦ વાગ્યે યોજાયેલા ઉદ્ઘાટન સમારંભમાં ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ કંપનીના (એસોસિએટ વાઈસ પ્રેસિડેન્ટ-ફોર્મ્યુલેશન ડેવલપમેન્ટ) ડૉ. મનીષકુમાર ચૌહાણ, ડાયડસ કેડિલાના (સીનિયર ઓક્ઝિક્યુટિવ ફોર્મ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) અભીકુમાર તુરખિયા મહેમાન તરીકે તો ગણપત યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્ઘાટન સમારંભના પ્રારંભે ગણપત યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર અને ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ તેમજ આ નેશનલ લેવલના ફાર્મા-સેમિનારના કન્વિનર પ્રો. ડૉ. આર.કે. પટેલે મહેમાનોનું સ્વાગત કરી, પરિચય આપ્યો હતો તો સેમિનારના કો-ઓર્ડિનેટર પ્રો. ડૉ. એસ.એ. પટેલે ભૂમિકારૂપ વ્યક્તવ્ય આપ્યું હતું.

### હેલિકોપ્ટર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરહદની અંદર પૂંચના ગુલપુર સેક્ટરમાં જોવા મળ્યું હતું. ભારતીય સરહદની નજીક સુધી તે ઘુસ્યું હતું. આ વિસ્તાર ઘુસણખોરીને લઈને ખુબ જ સંવેદનશીલ ગણવામાં આવે છે. નિયમ મુજબ રોટરવાળા કોઈપણ વિમાન અંકુશરેખાની એક કિલોમીટરથી નજીક આવી શકે નહીં જ્યારે રોટર વગરના કોઈ વિમાન સરહદની ૧૦ કિલોમીટરની અંદર આવી શકે નહીં. સંરક્ષણ નિષ્ણાતોનું કહેવું છે કે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભારતના વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના તીખા તેવરના લીધે પાકિસ્તાન હચમચી ઉઠ્યું છે. સુષ્માએ પોતાના સંબોધનમાં કહ્યું હતુ કે, પાકિસ્તાન એક એવા દેશ તરીકે છે જેને આતંકવાદ ફેલાવવાની સાથે સાથે ત્રાસવાદને નકારી કાઢવામાં મહારથ મળેલી છે.

### સરકાર હસ્તક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિન્દ્રા બેંકના એમડી ઉદય કોટક, આઈએએસ ઓફિસર વિનિત નય્યર, પૂર્વ સેબી વડા જીએન વાજપેયી, આઈસીઆઈસીઆઈ બેંકના પૂર્વ ચેરમેન જીસી ચતુર્વેદી, આઈએએસ ઓફિસર માલિની શંકર અને નંદ કિશોર સામેલ છે. નવા સભ્યોના નિર્દેશક મંડળની પ્રથમ બેઠક ૮મી ઓક્ટોબરના દિવસે મળશે. દશકોથી એએએ રેટિંગ મેળવનાર આ કંપની ઉપર છેલ્લા કેટલાક વર્ષથી દેવાનું સ્તર ખુબ વધી ગયું હતું. છેલ્લા બે મહિનામાં તેની હાલત ખુબ જ કફોડી બની ગઈ હતી. મૂળભૂત કંપનીઓની સાથે સાથે સહાયક કંપનીઓને પણ વ્યાજ ચુકવણીમાં તકલીફ પડી રહી હતી. માત્ર આઈએલએન્ડએફએસ પર ૧૬૫૦૦ કરોડ રૂપિયાથી વધુનું દેવું છે જ્યારે સહાયક કંપનીઓને મળીને દેવાની રકમ ૯૧૦૦૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. આ દેવાનો મોટો હિસ્સો બેંકો અને ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસેથી લેવામાં આવ્યો છે. સરકાર ખુબ ઓછી પ્રાઈવેટ કંપનીઓને પોતાના નિયંત્રણમાં લેવા માટે આગળ વધે છે. ગયા વર્ષે ૨૦૧૭માં સરકાર દેવામાં ડુબેલી રિયલ્ટી કંપની યુનિટેક લિમિટેડ પર પોતાના નિયંત્રણ સ્થાપિત કરવાના પ્રયાસમાં હતી તે વખતે સુપ્રીમ કોર્ટમાં સરકારને પડકાર ફેંકવામાં આવ્યો હતો. આખરે કોર્ટે સરકારને આ દિશામાં આગળ વધવાથી રોકી દીધી હતી. નવ વર્ષ પહેલા એટલે કે ૨૦૦૯માં સરકારે સત્યમ કોમ્પ્યુટર પર પોતાનો કબજો જમાવી લીધો હતો. તે વખતે કંપનીની અંદર એકાઉન્ટિંગ કૌભાંડ સપાટી ઉપર આવ્યા બાદ મૂડીરોકાણકારો આઈટી સેક્ટરમાં રોકાણ કરવામાં ખચકાટ અનુભવ કરી રહ્યા હતા. સરકારે મૂડીરોકાણકારોનો વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવા માટે સત્યમ કોમ્પ્યુટરના મેનેજમેન્ટને પોતાના હાથમાં લેવાનો નિર્ણય કર્યો હતો.

### લાઈન અપગ્રેડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉઠવા પામે છે. સે-૨૪ થી ૨૭ માં ગટર લાઈન ઉભરાવાની ફરિયાદો વિશેષ ઉઠવા પામે છે. જયારે બીજીતરફ તંત્ર પાસે પુરતો મેનપાવર અને મશીનરી ન હોવાના લીધે ગટરલાઈનની ફરિયાદોનુ નિરાકરણ પણ ઝડપથી આવતુ નથી. જયારે આ સમસ્યાને નિવારવા માટે તંત્ર દ્વારા સે-૨૪,૨૫ અને સે-૨૭ માં ગટર લાઈન અપગ્રેડ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. હાલની લાઈનની સાપેક્ષમાં વધુ ડાયામીટર વાળી લાઈન નાંખવામાં આવશે. જયારે આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી દિવસોમાં ગટર લાઈનનુ કામ પણ શરૂ કરી દેવાશે. આ નવી લાઈન નાંખવાની કામગીરીના અંતે સેકટરોમાં વારંવાર ઉભરાતી ગટરોની સમસ્યાનુ નિરાકરણ આવી જશે.

### સિલિન્ડરમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૪.૨ કિલોગ્રામના ૧૨ સિલિન્ડરો પર સબસિડી આપે છે. સબસિડીની આ રકમ સીધી રીતે ગ્રાહકના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. સબસિડીની આ રકમ એરેજ ઈન્ટરનેશનલ બેન્ચમાર્ક એલપીજી રેટ અને ફોરેન એક્સચેંજ રેટમાં ફેરફારના આધાર પર બદલાતી રહે છે. આંતરરાષ્ટ્રીય કિંમત વધી જવાની સ્થિતીમાં સરકાર વધારે સબસિડી આપે છે. ઓગષ્ટમાં પ્રતિ સિલિન્ડર સબસડીની કિંમત ૨૯૧.૪૮ રૂપિયા હતી. જ્યારે જુલાઈ મહિનામાં સબસિડી ૨૫૭.૭૪ રૂપિયા હતી. ભારતમાં એલપીજીનો ઉપયોગ દર મહિને આશરે ૨૦ લાખ ટનની આસપાસ છે. છેલ્લા ૫૬ મહિનાના ગાળામાં આમા સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં આની માંગ પૈકી અડધાથી વધુ માંગની પૂર્તિ આયાત મારફતે કરવામાં આવે છે. નીતિ આયોગના મિથેનોલ ઈકોનોમી રોડમેપ મુજબ દેશમાં જો પરિવહન અને કુકિંગમાં ૧૫ બ્લેંડેડ ફ્યુઅલનો ઉપયોગ થશે તો વર્ષ ૨૦૩૦ સુધી ક્રૂડ આયાતમાં ૧૦૦ અબજ ડોલર વાર્ષિકનો ઘટાડો થઈ શકે છે. યોજના એ છે કે, સરળતાથી ઉપલબ્ધ ઓછી ગુણવત્તાના કોલસા અને અન્ય જૈવિક સંશાધનોથી મિથેનોલ બનાવી શકાય છે.

### સંપત્તિ જપ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું છે કે, આ મામલામાં મની લોન્ડરિંગના આરોપી આદિત્ય નાણાવટીની સામે ઈન્ટરપોલ રેડકોર્નર નોટિસ જારી કરવામાં આવી છે. ઈડીના કહેવા મુજબ હોંગકોંગમાંથી ૨૨.૬૯ કરોડ રૂપિયાની કિંમતના હિરાના દાગીના લાવવામાં આવ્યા છે. ઈડીના કહેવા મુજબ જાન્યુઆરી મહિનામાં કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ) દ્વારા નિરવ મોદીની સામે કેસ દાખલ કરવામાં આવ્યા બાદ દાગીનાનો એક સ્ટોક હોંગકોંગ મોકલવામાં આવ્યો હતો. આને નિરવ મોદી તરફથી હોંગકોંગની એક ખાનગી કંપનીના ખાતામાં રાખવામાં આવ્યો હતો. એજન્સીએ કંપની અને તેના લંડન હેડક્વાર્ટર્સનો સંપર્ક કર્યો છે. ભારે રજૂઆત બાદ આખરે સફળતા મળી છે અને અંતે આ જ્વેલરીનો જથ્થો ભારત લાવવામાં સફળતા મળી છે. દાગીનાની કિંમત ૮૫ કરોડ રૂપિયા છે. દાગીનાઓને ફાયરસ્ટાર ગ્રુપ ઓફ કંપની દ્વારા હોંગકોંગ મોકલવામાં આવ્યા હતા. આ દાગીનાની કિંમત એક સ્વતંત્રરીતે ગણવામાં આવે તો ૨૨.૬૯ કરોડ રૂપિયા થાય છે.

### અદ્દભૂત પ્રદર્શન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધી અહિંસાનો ગુણ ક્યારે શીખ્યા તેને લઈ બનાવેલી એનીમિનેશન ફિલ્મની કરવી છે. એકાદ માસ પહેલાં જ ગાંધી પર ફિલ્મ બનાવવાની પ્રેરણા તેમને જીસીઆરટીના ડાયરેટર ટી.સી. જોશીએ આપી હતી. જય ભોજક સારો એવો જાણકાર એનીમેનિશેન ફિલ્મ નો હોવાથી તેણે આ પડકારને અવસરમાં પલ્ટાવવાનો નિર્ણય કર્યો.

શિક્ષિકા રેશ્માનો જીવ પણ ઝાલ્યો રહ્યો નહિ. બન્નેએ ગાંધીજી પરના ૨૦થી વધુ પુસ્તકો વાંચ્યા, કાર્ટૂન જોયા, ટોલ્સરોયને વાંચ્યો પછી અહિંસાનો ગુણ તેઓ ક્યાંથી શીખ્યા તેના પર શોર્ટ ફિલ્મ બનાવવાનો નિર્ણય કર્યો.

ચોરીછુપીથી બીડી પીવાની લત કેવી રીતે લાગી તેની વાત પણ આ શોર્ટ ફિલ્મમાં રજુ કરાઈ છે. આ પછી સોનાના કડામાંથી સોનુ કરજ માટે આપવાની વાતને લઈ પિતાએ મારવા કે ધમકાવવાને બદલે જે રીતે તેમની સાથે વર્તાવ અને વ્યવહાર કર્યો ત્યારે જ ગાંધીને અહિંસાનું મૂલ્ય સમજાયુ હતુ અને મહામાનવે અહિંસક લડત થકી દેશને આઝાદી પણ અપાવી હતી.

આ શોર્ટ ફિલ્મમાં રેશ્મા ભોજક (ચાંપાનેરી) જયના માતુશ્રી, જયનો ભાણો તેમજ જયના અવાજ છે. ખુબજ દર્શનીય આ ફિલ્મ છે.

દસ દિવસની અથાક મહેનત બાદ આ આખીય ફિલ્મ તૈયાર થઈ હોવાનું જય ભોજક અને રેશ્મા ભોજકે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં કબુલ્યુ હતુ. તેમણે કહ્યુ કે નિયામકશ્રી જોશી સાહેબે અમને અમારી શક્તિઓની યાદ અપાવી એક રાહ ચીંધ્યો છે. આમ તો બીજી પણ કેટલીક એનિમેશન ફિલ્મ બનાવી છે.

જી.સી.આર.ટી.ના આ પ્રદર્શનમાં ગાંધીજી અને કેળવણીને લઈ બે સુંદર ગ્રંથ, ગાંધી રેંટિયો, ગાંધી ગીતો, ગાંધી પ્રાર્થના, સહિત ઘણુ બધુ સાહિત્ય મુકવામાં આવ્યું છે. ગાંધી શિક્ષણ દર્શન પર એક કિયોસ્ક ઉભો કરાયો છે જેમાં નારાયણ દેસાઈ, ગુણવંત શાહ, રતિલાલ બોરીસાગર, વિદ્યુત જોશી, શાહબુદીન રાઠોડના મંતવ્યો છે. ગાંધી બાળ સાહિત્યની પણ કેટલીક વણકથી વાતો આ પ્રદર્શનમાં છે.

પ્રદર્શન અંગે વાતચીત કરતાં નિયામકશ્રી જોષીએ કહ્યું કે ગાંધીજીને લઈ પી.એચ.ડી. કર્યુ હોય તેવી ૮ થી ૧૦ થિસીસ પણ તેમની પાસે આવી છે. ગાંધીનગર ક્વીઝ પણ કિયોસ્ક પર છે. ૯૦ જેટલા શિક્ષકોએ ગાંધી શિક્ષણ દર્શન આજ અને આવતીકાલ પર સંશોધન પેપર રજુ કર્યા છે જે હાલ ચકાસણીમાં છે. જેનું પ્રેઝન્ટેશન આજથી શરૂ થયું છે.

ગાંધી પર ગાંધીનગરમાં આ એક નવતર અભિગમ સાથેનું પ્રદર્શન નિહાળવા અને માણવા લાયક છે. કેળવણી અંગે લાહોર, મદ્રાસ સહિત વિવિધ સ્થળો પરના ગાંધીજીના પ્રવચનો પરની બુક તો અદ્દભુત છે.

આજે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રદર્શનને ખુલ્લુ મુક્યુ છે. તેમણે ભોજક દંપત્તિએ બનાવેલી ફિલ્મ જોઈ અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને અભિનંદન પણ આપ્યા હતા.

### સ્ટ્રોમ વોટર લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરખાસ્ત તૈયાર કરવામાં આવ્યા બાદ પણ કશુ થઈ શક્યુ નથી. સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે અગાઉ એજન્સી મારફતે સર્વેની કામગીરી પણ કરવામાં આવી હતી.પરંતુ સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે આખરી આયોજન થઈ શક્યુ ન હતુ. શહેરમાં મોટાભાગના સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે વરસાદી દિવસોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે.વરસાદી પાણીનો નિકાલ ન થતા વરસાદી પાણીનો ભરાવો થાય છે. જેના લીધે અનેક સમસ્યા પણ ઉદભવે છે. જયારે ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા હવે સેકટરોમા વરસાદી પાણીના નિકાલનુ કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. શહેરમા અગાઉ સ્ટાર્મ વૉટર લાઈન નાંખવા માટે એજન્સીએ સર્વે કર્યો હતો જેના આધારે સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા માટે આખરી આયોજન કરાયા બાદ કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. સ્માર્ટ સીટી અંતર્ગત નિયત કરાયેલી કમિટી નિગરાની હેઠળ નગરમાં સ્ટોર્મ વાટેર લાઈનની કામગીરી હાથ ધરાઈ છે. હાલ નગરના રોડ નં-૭ પર સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે સે-૧ થી ૧૭ અને સે-૧૯, ૨૨,૨૩ તેમજ સે-૨૫ અને સે-૨૬ માં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરાશે. જયારે આ કાર્યયોજના પાછળ રૂ ૩૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ કામગીરી પુર્ણ થતા બે વર્ષ જેટલો સમય લાગશે.

### એંધાણ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈ છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ કહી રહ્યા છે કે જો સરકાર પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો કરવાની દિશામાં કોઈ નક્કર પગલા લેશે નહીં તો સામાન્ય લોકોમાં આગામી દિવસોમાં નારાજગી વધી શકે છે અને તેના કારણે સરકારની ગણતરી ઉંધી થઈ શકે છે. ભાવ વધારાને લઈને સરકારની ચારેબાજુ વ્યાપક ટિકા હાલમાં થઈ રહી છે. એમ માનવામાં આવે છે કે પેટ્રોલ-ડિઝલની કિંમતમાં હજુ વધુ વધારો કરવામાં આવી શકે છે.તમામ શહેરોમાં ફરી એકવાર ભાવમા વધારો થતા લોકો હવે પરેશાન દેખાઈ રહ્યા છે. દેશભરમાં પેટ્રોલિયમ પેદાશોમાં વધી રહેલી કિંમતોના કારણે સરકાર અને વિપક્ષ આમને સામને છે. વિરોધ પક્ષો દ્વારા પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં કાપની માંગ કરવામાં આવી રહી છે. ભાવ વધારા સામેના વિરોધમાં હાલમાં કોંગ્રેસ અને અન્ય પક્ષોએ ભારત બંધની હાકલ કરી હતી.પેટ્રોલ અને ડીઝલના વધતા જતા ભાવ વચ્ચે હાલમાં સરકારની વ્યાપક ટિકા થઈ રહી છે.ભાવ વધારાના કારણે હાલ વધુ નારાજગી રહી શકે છે.કિમતોમાં અવિરત વધારાનો દોર જારી રહ્યો છે. લોકોની હાલત વધારે ખરાબ થઈ રહી છે. મોદી સરકારની સામે લોકો નારાજગી પણ વ્યક્ત કરી રહ્યા છે. ભારત દ્વારા તેની ક્રૂડ ઓઈલ પૈકીની ૮૦ ટકાની આયાત કરે છે.